# પુસ્તકાલય પ્રવૃતિ

ચૌધરી માનસિંહભાઈ મેઘરાજભાઈ
પીએચ.ડી સ્ટુડન્ટ, ઈતિહાસ વિભાગ

પુસ્તકાલય એ જ્ઞાનની પરબ છે. આ પરબમાં જ્ઞાનની તરસ છીપાવવાની સગવડ હોય છે. ભપુસ્તકાલય એટલે લોકશિક્ષણનું એક અમોધ સાધન છે.

પુસ્તકાલય એટલે પુસ્તકોનું સલાય. પુસ્તકોનું રહેઠાણ - Library પુસ્તકાલય કરતાં હાલના સમયમાં Library શબ્દ વધુ પ્રચલિત છે. પુસ્તકાલય શબ્દ સાંભળતાની સાથે જ આપણા મનમાં એવો ભાવ પેદા થાય છે કે ભપુસ્તકોનો ઢગલો એટલે પુસ્તકાલયભ દરેક શાળા-મહાશાળામાં પુસ્તકાલય હોવા એ અનિવાર્ય છે અને તેની સાથે દરેક ગામ કે શહેરમં ઓછામાં ઓછુ એક સાર્વજનિક પુસ્તકાલય હોવું જરૂરી છે.

પુસ્તકાલય માટે એક સરસ વાકય છે કે "Enter to learn to serve" આમ પુસ્તકાલયમાં આપણે ઘણું ઘણું શીખવા, જાણવા અને સમજવા માટે પ્રવેશ કરીએ છીએ. જયારે બહાર આવીએ ત્યારે સેવાભાવ કેળવીને બહાર આવીએ છીએ. ભભપુસ્તકાલય એ જ્ઞાન અને માહિતી પ્રાપ્ત કરવાનું મહામૂલું સાધન છે.ભભ જે માણસ પુસ્તકાલયમાં પ્રવેશ નથી કરતો તે જ્ઞાન અને માહિતીથી વંચિત રહે છે અને પુસ્તકાલયમાંથી મેળવેલ જ્ઞાન પૂસ્તકિયું ન રહેતા સેવામાં પરિણામે ત્યારે એ જ્ઞાન સાર્થક નીવડે છે. પુસ્તકો દેખાવે જડ છે પણ તેમાં રહેલા શબ્દો મનુષ્યના ચૈતન્યને જાગૃત કરે છે. મનુષ્યના જીવનમાં હલચલ ઉત્પન્ન કરે છે અને સમાજમાં ક્રાંતિની જવાળા પ્રજવલિત કરે છે.૧

તોફાની ક્રાન્તિ કરતાં પુસ્તકાલયોનો શાન્તિમય પ્રચાર અવર્ણનીય લોક કલ્યાણ ફેલાવી જનતાની આબાદી ચિરસ્થાયી કરે છે. ગમે તે ભોગે પણ પુસ્તકોનો સારો ફેલાવ કરવો જરૂરી છે.૨ ડાૅ.ડબલ્યુ. ઈ. ચેનિંગ

આમ પુસ્તકાલયો એ કદી દગો ન દે તેવું મિત્ર છે. આમ આપણા દેશમાં અનેક મહાનુભાવો એ પુસ્તકાલયોમાં બેસીને પોતાની માનસિકતાને વિકસાવી છે અને એના બળે સમાજની બદીઓ દૂર કરવાનો ભરચક્ર પ્રયત્ન કર્યા છે. પુસ્તકાલયો માટે આપેલું દાન ઉચ્ચ પ્રકારનું દાન છે. સમાજ અને દેશને એ ગામની, શહેરની, રાજય અને દેશની શોભા છે.

વડોદરા રાજયમાં પુસ્તકાલયોની સ્થાપના :-

આમ પુસ્તકાલયો એ તે સમયના સમાજ માટે અનિવાર્ય હતા. તે સમયના નિરક્ષર લોકોમાં સામાજિક સુધારા કરવા માટે પણ પુસ્તકાલયો જરૂરી હતા અને પુસ્તકાલયો દ્વારા પ્રજામાં વાંચનનો શોખ વધે અને પુસ્તકો તથા વર્તમાનપત્રો દ્વારા લોકોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય એ ઉદ્દેશથી શ્રીમંત સરકાર મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડે ઈ.સ.૧૯૧૧ માં રાજયમાં પુસ્તકાલયો માટે એક નવા ખાતાની સ્થાપના કરવામાં આવી. એ ખાતા દ્વારા રાજયના પુસ્તકાલયને દરેક પ્રકારની મદદ આપવાના નિયમો આપવામાં આવ્યા. પુસ્તકાલયોના મકાન માટે તથા તેના નિભાવ માટે લોકો જેટલી રકમ ભેગી કરે તેટલી જ રમક સરકારમાંથી અને તેટલી જ રકમ પ્રાંત પંચાયતમાંથી આપવાનું ઠરાવવામાં આવ્યું. આમ ગાયકવાડે પુસ્તકાલયની પ્રવૃતિને વધારવા માટે લોકભાગીદારીનો માર્ગ અપનાવ્યો અને તેમાં સરકારની સાથે સાથે લોકોને પણ આ પ્રવૃતિમાં જોડી દીધા. આના લીધે રાજયમાં નવા પુસ્તકાલયોની સંખ્યા દિન પ્રતિદિન વધવા લાગી અને જૂના પુસ્તકાલયોના નિભાવ માટે લોકો દ્વારા ઉદાર હાથે દાન મળવા લાગ્યું.૩

વડોદરા રાજયની પુસ્તકાલય પરિષદો :-

વડોદરા રાજયમાં પુસ્તકાલયની પ્રવૃતિને વેગવંતી બનાવવા માટે ચાલુ પુસ્તકાલયોને લોકો દ્વારા મદદ મળે અને લોકોમાં પુસ્તકાલય પ્રત્યે જાગૃતિ આવે તે માટે વડોદરા રાજયમાં અલગ અલગ જગ્યાએ પુસ્તકાલય પરિષદો ભરવામાં આવતી હતી અને તેના દ્વારા લોકભાગીદારીથી આ કામ વધુ સારી રીતે કરી શકાય છે અને લોકોને તેની ઉપયોગિતા સમજવા માટે જે તે પરિષદના સ્વાગત પ્રમુખ દ્વારા ભાષણો કરવામાં આવતા હતા અને તેના દ્વારા લોકોમાં પુસ્તકાલયની પ્રવૃતિઓ માટે જાગૃતા લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

પહેલી પરિષદ :-

વડોદરા રાજયમાં પુસ્તકાલયોનો વિકાસ થાય તે માટે તેની પહેલી પરિષદ તા.૧૨-૧૩ એપ્રિલ, ૧૯૨૫ ના રોજ ગણદેવી મુકામે ભરાઈ હતી અને તે પરિષદના સ્વાગત પ્રમુખ તરીકે શ્રી સુમંતરાય હકુમતરાય દેસાઈ હતા અને પુસ્તકાલયની ઉપયોગિતા અને તેના નિભાવની બાબતો પર ભાષણ આપ્યું અને લોકોના સહયોગથી વધુમાં વધુ પુસ્તકાલયો ખુલે તેના માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું.

તેમણે કેવા પુસ્તકાલયો હોવા જોઈએ તેની માહિતી આપી હતી. પુસ્તકાલયો એ બાળકોની લગતી પણ પ્રવૃતિ કરતા હોવા જોઈએ. પુસ્તકાલયો શાળાઓમાં હોવા જોઈએ અને પુસ્તકોની પસંદગી અને લાયબ્રેરીઓના કાર્યોની માહિતી આપી હતી.૪

તેમણે લાયબ્રેરીયન માટે કર્યુ કે તે ફરજ પ્રત્યે એક નિષ્ઠા એ અતિ આવશ્યક છે. ભભપુસ્તકના સંગ્રહસ્થાનનો રક્ષક માત્ર જ હોવો જોઈએ નહી પરંતુ જાતે વિદ્વાન હોવો જોઈએ તો જ લોકો જાહેર પ્રજાને પૂર્ણ સંતોષ આપી શકાય.

લાયબ્રેરીયન કેવો હોવો જોઈએ તે તેમણે નીચેના ઉદગામ દ્વારા સ્પષ્ટ કર્યું છે.

"As the Public library is not only a recreatiue and education insttution but is important from of social service the librarian must also be imbued with the missionary instinct if the is to fulfil all the requirement of his office" સેવાભાવ એનો જીવનમંત્ર હોવો જોઈએ.પ

બીજી પરિષદ :-

સ્થળ : દ્વારકા તા.૪-૫ માર્ચ, ૧૯૨૬

સ્વાગત પ્રમુખ : શ્રી પુરૂષોત્તમ વિશ્રામ માવજી

વડોદરા રાજયની બીજી પુસ્તકાલય પરિષદ દ્વારકા ખાતે ભરાઈ હતી અને તે પરિષદના સ્વાગત પ્રમુખે કર્યું કે ભભ જે કામ યુનિવર્સિટીએ નથી કરી શકી તે પુસ્તકાલયો કરી શકે તેમ છે.

ત્રીજી પરિષદ :-

તા.૧૦-૧૧-૧૨ માર્ચ, ૧૯૨૮ સ્થળ : પેદલાદ

સ્વાગત પ્રમુખ : દાતાર શેઠ રમણલાલ કેશવલાલ

ચોથી પરિષદ :-

તા.૨૮-૨૯-૩૦ માર્ચ, ૧૯૨૯ સ્થળ : અમરેલી

સ્વાગત પ્રમુખ : શ્રી હરિલાલ ગોવિંદજી પરીખ

આ પરિષદમાં તેમણે જણાવ્યું કે આપણે વધુમાં વધુ જ્ઞાનની પરબો શરૂ કરવા તેમણે લોકોને અનુરોધ કર્યો. આ ઉપરાંત રૂા.૫૦૦ જેવી નાની રકમથી ફરતા પુસ્તકાલય શરૂ કરી વર્ષો સુધી લોકોને વાંચન ગામડે ગામડે પહોંચાડી શકાય.

પાંચમી પરિષદ :-

તા.૧૬-૧૭-૧૮ માર્ચ, ૧૯૩૦

સ્થળ : પાટણ

સ્વાગત પ્રમુખ : મણિલાલ લલ્લુભાઈ પરીખ

વડોદરા રાજયની પુસ્તકાલય પરિષદની પાંચમી પરિષદ કડી પ્રાંતના પાટણ મુકામે ભરાઈ હતી. આ પરિષદોએ એ એક એવી સંસ્થા છે કે જેમાં કલેરાને સ્વપ્નથી અને તેમાં નાનામાં નાના માનવીથી માંડીને મોટામાં મોટા લક્ષ્મી પુત્રોનો પણ સમાવેશ થાય છે. અજ્ઞાન માણસથી માંડીને પ્રખર વિદ્વાનોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે પ્રાથમિક શિક્ષણનું બીજું પગથિયું તે પુસ્તકાલય છે.

છઠ્ઠી પરિષદ :-

તા.૩-૪ માર્ચ, ૧૯૩૪

સ્થળ : વડોદરા

સ્વાગત પ્રમુખ : રા.બ.ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ આ પરિષદમાં પુસ્તકાલય પરિષદ મંડળ સ્થાપના કરવા પાછળના હેતુઓ જણાવ્યા હતા.

(૧) ગામે-ગામે પુસ્તકાલયો સ્થાપન થાય.

(૨) કાર્યકર્તાએ, સરકાર અને સ્થાનિક સંસ્થાઓ વચ્ચે સહકાર વધે.

(૩) પ્રજા વાંચનમાં વધારે રસ લેતી થાય.

(૪) પુસ્તકાલયોની પ્રગતિ થવામાં સામાન્ય હરકતો દૂર થઈ કામની સરળતા થાય.

(૫) પુસ્તકાલયોનું કામ શ્રીમંત સરકારના ઉદ્દેશ પ્રમાણે સારી રીતે ચાલે એવી તજવીજો

કરવાનો છે.

આ સાથે તેમણે પોતાના ભાષણમાં પુસ્તકાલય પરિષદ મંડળે કરેલ કાર્યો ને પણ કભ હતા અને આખા ભારતમાં ફરજીયાત કેળવણી દાખલ કરવાની પહેલ સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડે કરી હતી. જેમ શાળાની કેળવણી પૂરી થયા પછી પ્રજામાં જ્ઞાનની વૃદ્ધિ થાય તે માટે મફત સાર્વજનિક પુસ્તકાલયની યોજના પણ તેમણે શરૂ કરી હતી. તેમણે પુસ્તકાલયોની યોજના ઈ.સ.૧૯૧૦ માં શરૂ કરી. આ પ્રવૃતિનો વિકાસ એટલો બધો થયો કે વડોદરા રાજય જેટલા વિસ્તાર અને વસ્તીવાળા દુનિયાના કોઈપણ રાજયમાં થયો નથી.

તે સમયે હિન્દુસ્તાનના નામદાર વાઈસરોય સાહેબ ઈ.સ.૧૯૩૨ના ડિસેમ્બરમાં વડોદરા આવ્યા તે સમયે નામદાર લેડી વિલિંગ્ડને સેન્ટ્રલ લાયબ્રેરીની મુલાકાત લઈ ત્યાંની વિઝટ બુકમાં નોંધ્યુ છે કે..........

"I so much enjoyed my second visit to this wonderful Library which is doing such great work in this state."

“વડોદરા સંસ્થાનમાં આવું મહાન કાર્ય કરતી આ અજબ પુસ્તકાલય સંસ્થાની મે લીધેલી આ બીજી મુલાકાતથી મને ખુબ જ આનંદ થયો છે.”

નામદાર વાઈસરોય સાહેબે પણ એક ભાષણમાં શ્રીમંત મહારાજા સાહેબને ઉદ્દેશીને કર્યુ હતું કે......

“Your picture gallery and your central library with its remarkable system of Travelling Rural Library are famous far beyong the boundaries of Baroda, and I was glad to learn that this grat scheme of giving the chance of education to even the most remote village is progressing extremely well.”

“ત્યાંનું ચિત્રસંગ્રહ મંદિર તેમજ ગ્રામ્યજનતા માટે ફરતા પુસ્તકાલયની સુવિખ્યાત યોજનાવાળું મધ્યવર્તી પુસ્તકાલય એ બે સંસ્થાઓ વડોદરા રાજયની સરહદ બહારના આઘે આઘે ના મુલકોમાં પણ મશહુર છે અને એ વાત જાણીને હું ખુશ થયો છું

કે રાજયના આધેમાં આધેના ખુણામાં આવેલા ગામને પણ કેળવણીની તક આપવા માટેની આ મહાન યોજના બહુ સુંદર પ્રગૃતિ કરી રહી છે.''

જયારે ઈ.સ.૧૯૩૨ ના ઓગસ્ટમાં બેઝવાડામાં મળેલ ઓલ ઈન્ડિયા લાયબ્રેરી કોન્ફરન્સના અધિવેશનના સ્વાગત પ્રમુખે કર્યુ હતું કે.....

"The lead given by no less a person than His Highness the Maharaja Sayajirao Gayakwad of Baroda, Who is rightly called the further of the Modern Public Movement in India has been inciting us to more intensive action and greates achievements in this field."

''વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ જેવી પ્રતિભા સંપન્ન વ્યકિતને હિંદની પુસ્તકાલય પ્રવૃતિના પિતાનું જે યશસ્વી બિરૂદ આપવામાં આવે છે તે યોગ્ય છે. તેમની આગેવાની બલ્કે તેમની પહેલ આ ક્ષેત્રમાં વધારે ગહન કાર્ય કરવાને અને વધારે મોટા પરિણામો મેળવવાને આપણને ઉત્તેજે છે.૬

તે સમયે જુલાઈ ૧૯૩૩ સુધીમાં વડોદરામાં એક સેન્ટ્રલ લાયબ્રેરી ઉપરાંત ૪૫ કસ્બા પુસ્તકાલયો, ૯૧૮ ગ્રામ પંચાયતો, ૧૪ સ્ત્રીઓ અને બાળકો માટેના ખાસ પુસ્તકાલયો અને ૧૩૮ વાંચનાલયો આમ એકંદરે ૧૧૩૫ નાની મોટી સાર્વજનિક પુસ્તકાલય સંસ્થાઓ રાજયમાં હતી.

-:: સંદર્ભ સૂચિ ::-


૧. સંપાદક મણિભાઈ પ્રજાપતિ અને મહેન્દ્ર પી. ખમાર "પાટણની શ્રી અને સંસ્કૃતિ, શ્રીમંત ફત્તેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય", પૃષ્ઠ-૨૨,૨૩

૨. સંચયકર્તા વડોદરા રાજય પુસ્તકાલય પરિષદ મંડળ, "પુસ્તકાલય પ્રવૃિ ભાષણો અને લેખો" પ્રકાશક : પુસ્તકાલય સહાયક સહકારી મંડળ, રાવપુરા, વડોદરા, ઈ.સ.૧૯૩૪, પૃષ્ઠ-૩૮

૩. વિજયરાવ કલ્યાણ વૈધ "અર્વાચીન સાર્વજનિક પુસ્તકાલયો" પ્રકાશક : પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ, રાવપુરા, વડોદરા, પ્રથમ આવૃતિ, ઈ.સ.૧૯૩૨, પૃષ્ઠ-૩૯, ૪૦

૪. પૂર્વોકત પુસ્તકાલય પ્રવૃતિ, ભાષણો અને લેખો, પૃષ્ઠ-૨, ૩

૫. એજન, પૃષ્ઠ-૧૨

૬. એજન, પૃષ્ઠ-૩૭, ૩૮